GJSK020122982023

રજુ તારીખ	::	૧૨/૧૨/૨૦૨૩		
દાખલ તારીખ	::	૧૨/૧૨/૨૦૨૩		
ફૈંસલ તારીખ	:	૧૬/૦૭/૨૦૨૬		
અવધિ	:	વર્ષ	માસ	દિવસ
		<u>૦૨</u>	<u>૦૭</u>	<u>૦૪</u>

सत्यमेव जयते

==================================

સાબરકાંઠા જીલ્લાનાં મે. બીજા એડિશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન.દવે) સાહેબની અદાલતમાં, મુકામ–હિંમતનગર.

==================================

<u>ક્રિમિનલ કેસ નંબર :– ૯૦૩૦/૨૦૨૩</u>

આંક – ૫૦

<u>ફરીયાદી</u> : **ચૌધરી સુરેશભાઈ ભીમજીભાઈ,**
ઉ.વ.– ૪૮, ધંધો – વેપાર,
રહે. છાપરીયા ચાર રસ્તા, ગાંધી આશ્રમ પાસે,
હિંમતનગર,તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.

<u>વિરૂધ્ધ</u>

<u>આરોપી</u> : **પટેલ હરેશભાઈ અમીચંદભાઈ (સરપંચ)**
ઉ.વ.પર, ધંધો–ખેતી,
રહે. વામોજ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.

પોલીસ સ્ટેશનનું નામ–સરનામુ–
પોલીસ સબ ઈન્સ્પેકટર,
ગાંભોઈ પો.સ્ટે., ગાંભોઈ.
તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.

ફરીયાદી તર્ફે	વિ.વ.શ્રી એસ.કે.મકવાણા
આરોપી તર્ફે	એલ.એ.ડી.સી.વિ.આર.બી.પટેલ

ગુનો : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

–:: ઠ રા વ ::–

(૧) આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનો આરોપ છે.

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત

(૨) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૧/૦૭/૨૦૨૧ ના રોજ આ કામના આરોપી ફરીયાદી પાસે આવેલા અને જણાવેલ કે, મારે યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, હિંમતનગર શાખામાં કે.સી.સી.(પાક ધિરાણ) લોન રીન્યુઅલ કરાવવાની હોય રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂા. પાંચ લાખ પુરાની જરૂરીયાત હોઈ એક અઠવાડીયા માટે હાથઉછીના માંગણી કરેલી જેથી ફરીયાદી

અને આરોપી વચ્ચે સારા સંબંધોના હિસાબે ફરીયાદીએ એસ. કે. મ્મકવાણાની ઓફીસે તેઓની હાજરીમાં આરોપીને હાથઉછીના રોકડા આપેલા જે આરોપીએ ગણી સંભાળી લીધેલ અને જે અંગેનો બાંહેધરી કરાર તા. ૦૭/૦૭/૨૦૨૧ ના રોજ એસ.કે. મકવાણા નોટરીના ત્યાં રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી સીરીયલ નં. ૧૫૨૫/૨૦૨૧ થી આરોપીએ કરી આપેલ અને સાક્ષી તરીકે કે.કે.સીંગ અને ફરીયાદીએ સહી કરેલ.ત્યારબાદ સમય પૂર્ણ થતા ફરીયાદીએ આરોપીને આપેલ હાથઉછીના રકમની ઉઘરાણી કરતા પોતાનું ખાતુ ચાલતી યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, હિંમતનગર શાખાનો તેમના ખાતા નં. ૩૧૦૨૦૧ ૦૧૦૦૭૦૫૪૯, તા. ૨૧/૧૦/૨૩ ના રોજનો એકા. પેઈ ચેક નં. ૧૯૧૪૮૨ નો રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂા. પાંચ લાખ પુરાનો ફરીયાદી રૂબરૂ વિગતો ભરી સહી કરી આપેલ અને સદરહું ચેક બેંકમાં ભર્યેથી ચોકકસ સ્વીકારાઈ જશે તેવો પાકો ભરોસો આપેલ. ત્યારબાદ આરોપીના જણાવ્યા મુજબ ફરીયાદીએ સદરહું ચેક તા. ૨૧/૧ ૦/૨૦૨૩ ના રોજ પોતાનું ખાતુ ચાલતી બેંક તે હિંમતનગર નાગરીક સહકારી બેંક લી. માર્કેટયાર્ડ શાખામાં ભરતા સદરહું ચેક રીટર્ન મેમાના કારણ નં. ૧ ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે તા. ૨૩/૧૦/૨૦૨૩ ના રોજ રીટર્ન થયેલ જેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા આરોપીએ કોઈ સંતોષકારક જવાબ

આપેલ નહી. જેથી ફરીયાદીએ તેમના એડવોકેટશ્રી મારફત તા. ૦૧/૧૧/૨૦૨૩ ના રોજ રજી.પો.એડી.થી આરોપીને નોટીસ મોકલાવેલ જે નોટીસ તા. ૦૨/૧૧/૨૦૨૩ ના રોજ આરોપીને બજી ગયેલ છતાં આરોપીએ નોટીસનો આજદિન સુધી કોઈ જવાબ આપેલ ન હોય અને નોટીસમાં માંગણી કર્યા મુજબની રકમ ચુકવેલ ન હોવાથી નિયમ સમય મર્યાદા પૂર્ણ થતા હાલની નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ નામદાર કોર્ટમાં આપેલ છે.

(૩) ગુનાનું સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરવામાં આવતા આરોપી કોર્ટમાં હાજર થતાં તેને તમામ કેસ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક–૧૪ થી સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો નાકબુલ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

<u>ફરીયાદી તરફે દલીલો:–</u>

(૪) આ કામે ફરીયાદીના એસ.કે.મકવાણાનાઓની આંક–૪૮ થી વિગતવારની લેખીત દલીલો રજુ કરેલ છે. જેમાં તેઓ તેમની દલીલમાં ફરીયાદીએ નિ:શંકપણે આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર કરેલ છે અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમો–

૧૩૯ તથા ૧૧૮ મુજબ જે અનુમાનો અદાલતોએ કરવાના હોય, તે અનુમાનોનું ખંડન કરતો કોઈ પુરાવો આરોપી રજુ કરી શકેલા નથી. તેથી આરોપીને માત્ર અને માત્ર અનુમાન આધારીત જ સજા કરવા સામે કાયદાનો કોઈ બાધ નથી. જેથી આરોપીને કાયદા મુજબ યોગ્ય સજા કરવા અરજ ગુજારેલ છે. તેમજ વધુમાં કોઈ દલીલ નથી.

<u>આરોપી તરફે દલીલો:–</u>

(૫) બચાવ પક્ષે વિ.વ.શ્રી એ.બી.પટેલ દવારા મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદીએ કાનુની દેવુ સાબિત કરેલ નથી. માત્ર ધારણા આધારે આરોપીને દોષિત ઠેવી શકાય નહી. ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તરફે આરોપી તરફેનો કેસ આવશ્યક તત્વોથી સાબિત કરી શકેલ નથી. વધુમાં તેઓની દલીલ છે કે, ફરીયાદપક્ષ દવારા આરોપીને કયારે રોકડા રૂપીયા આપવામાં આવ્યા તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. કારણ કે, ફરીયાદી પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તા. ૭/૭/૨૧ ના રોજ આરોપીને રોકડા રૂપીયા આપેલા. તેમજ આંક–૧૨ વાળા બાહેધરી કરારમાં આરોપીએ જરૂર પડે ત્યારે પૈસા લેવાના હતા તેમ જણાવેલ છે. તેમજ આંક–૧૨ વાળા બાહેંધરી લેખમાં તા. ૧/૭/૨૧ ના રોજ ફરીયાદી પાસે નાણાંની સગવડ ન હતી તેમ પણ સ્વીકારેલ છે. આમ, આરોપીએ ફરીયાદીની ફરીયાદની તમામ

હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતો પુરવાર કરી શકેલ ન હોવાનું જણાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૬) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

મૌખિક પુરાવો :–

ક્રમ	આંક	વિગત
૧	૦૪	ફરીયાદી ચૌધરી સુરેશભાઈ ભીમજીભાઈનું પુરાવાનું સોગંદનામું.
૨.	૩૩	સત્યકુમાર શ્રીરામગોપાલસિંગ

દસ્તાવેજી પુરાવા :–

ક્રમ	આંક	વિગત
૧	૦૬	આરોપીએ આપેલ ચેક અસલ
૨	૦૭	ચેક જમા કરાવ્યા અંગેની કાઉન્ટર સ્લીપ અસલ
૩	૦૮	રીટર્ન મેમો
૪	૦૯	નોટીસની સ્થળપ્રત
૫	૧૦	પોસ્ટની સફેદ પાવતી અસલ
૬	૧૧	નોટીસ બજયા અંગેની ઓનલાઈન પત્ર
૭	૧૨	બાંહેધરી કરાર

૮	૨૦	ફરીયાદી પેઢીનું લાયસન્સની હિંમતનગર નગર પાલિકાની નોંધણી પ્રમાણપત્ર
૯	૨૧	ફરીયાદીનું સને–૨૦૧૯–૨૦ નું રીટર્ન
૧૦	૨૨	ફરીયાદીનુ સને–૨૦૨૦–૨૧નું રીટર્ન
૧૧	૨૩	ફરીયાદીનુ સને–૨૦૨૧–૨૨નું રીટર્ન
૧૨	૨૪	ફરીયાદીનુ સને–૨૦૨૨–૨૩નું રીટર્ન
૧૩	૨૫	ફરીયાદીનુ સને–૨૦૨૩–૨૪નું રીટર્ન
૧૪	૩૪	સહીનું સ્પેશીમેન
૧૫	૩૫	એકાઉન્ટ ડીટેઈલ ફોર્મ
૧૬	૩૬	આઈ.ટી.એકટ–૨૮૫નું ફોર્મ
૧૭	૩૭	પ્રતિજ્ઞા લેખ
૧૭	૩૮	યુનીયન બેંકનો ફોર્મ
૧૮	૩૯	આરોપીનું આધારકાર્ડ
૧૯	૪૦	યુનીયન બેંકની ઓનલાઈન કોપી
૨૦	૪૧	મેમો
૨૧	૪૨	કલમ–૬૫(બી)નું સર્ટીફીકેટ

ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું આંક–૪૩ થી ની કલોઝીંગ પુરસીસ આપી જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમા આરોપીએ ફરીયાદ પક્ષ ના પુરાવા ની તમામ હકીકતો નકારેલ છે તેમજ વિશેષમાં જણાવેલ

છે કે, **''ચેકનો દુરુપયોગ કરી નાણાં પડાવવા ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. ખોટા પુરાવા રજુ કરી ખોટુ સોગંદનામું કરેલ છે.** '' ત્યાર બાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

–:: મુદ્દા :: –

૧. આ કામના આરોપીએ ફરિયાદીના બાકી લ્હેણાં પેટે ફરીયાદવાળો ચેક આપેલો અને સદર ચેક ફરિયાદીએ તેઓની બચતખાતુ ધરાવતી બેંકમાં રજુ કરતાં, આરોપીનો સદર ચેક કલીયરન્સમાં જતાં, સદરહું ચેક પરત થયેલો અને જે અંગે આરોપીને કાયદેસરની નોટીસ આપતાં, તે નોટીસની આરોપીને બજવણી થયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીના કાયદેસરના લ્હેણાં નહિ ચૂકવીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટની કલમ:૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

<u>::– નિર્ણય માટેના કારણો –::</u>

<u>મુદ્દા નં.૧ અને ૨.</u>

(૯) સૌપ્રથમ હાલના તબ્બકે મુદા નં.૧ નો નિર્ણય કરતા પહેલા એટલે કે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવવા માટેના આવશ્યક તત્વો નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબનાં અલગ અલગ ચુકાદાઓથી જાણવાનો પ્રયત્ન કરેલ છે. હાલનાં કેસનાં નિર્ણય માટે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનાં આવશ્યક તત્વો નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા તેમનાં ચુકાદા અપર્ણા એ. શાહ વિ. શેઠ ડેવલોપર્સ કે જે ૨૦૧૩ (૮) એસ.સી.સી. ૭૧ નાં પેરા–૧૩ માં ઠરાવેલ છે જે નીચે મુજબ છે.

> "In order to constitute an offence under Section 138 of the NI Act, this Court in Jugesh Sehgal v. Shamsher Singh Gogi [(2009) 14 SCC 683 : (2009) 5 SCC (Civ) 482 : (2010) 2 SCC (Cri) 218] noted the following ingredients which are required to be fulfilled: (SCC pp. 68788, para 13)
>
> "(i) a person must have drawn a cheque on an

account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;

(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days (now 30 days) of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતનો રીસન્ટ

ચુકાદો કે જે, Basalingppa V/s. Mudibasappa કે જે 2019(5) SCC 418 માં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ મુજબના ગુના પુરવાર કરવા માટેના આવશ્યક તત્વો જણાવેલ છે જે ફરીયાદી ધ્વારા પુરવાર થયે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય જે ચુકાદાનો પેરા–૨૩ નીચે મુજબ છે.

> 23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-
>
> (i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.
>
> (ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.
>
> (iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.
>
> (iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence,

> Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,
>
> (v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

(૧૦) વધુમાં, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં કેસમાં ફરીયાદપક્ષે આ જ કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબનાં અનુમાનો અદાલત કરે તેટલો પુરાવો રેકર્ડપર રજુ કરવાનો હોય છે અને આરોપીએ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનાં સિધ્ધાંત મુજબ પોતાનો બચાવ કરવા માટે તેની સામે કરવામાં આવતાં અનુમાનોનું ખંડન કરવાનું હોય છે જે અંગે સંક્ષિપ્તમાં કાયદાની જોગવાઈનું અર્થઘટન તથા નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતોનાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ વિવિધ સિધ્ધાંતોનો સાર નીચે મુજબ છે.

> In a prosecution under Sec. 138 of N.I. Act, the court shall presume certain facts against accused upon proof of issuance of cheque by the accused to the complainant in view of Section 118 and Section 139 of N.I. Act. However such presumptions are not conclusive in nature but they are rebuttable and it is for the accused to rebut such presumption. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities. To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials

> brought on record by the parties but also by reference to the circumstances upon which they rely. The said presumption can also be rebutted by the accused from the admission made by the complainant in his cross examination which creates doubt on the prosecution story. It is also well settled that it is not necessary for the accused to step in the witness box in support of his defence in all cases. It is also well settled that section139 imposed an evidentiary burden and not a persuasive burden. So it can legitimately be said that whether presumption stood rebutted or not would depend upon the facts and circumstances of each case. Furthermore it is also well settled that if the accused is not able to rebut the said presumption raised against him, he can be convicted only on the basis of such presumption. And if the accused is able to rebut the presumption, then the onus is again shifted to the complainant to prove his case beyond all reasonable doubt.

(૧૧) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામના ફરીયાદી ચૌધરી સુરેશભાઈ ભોમજીભાઈ નું પુરાવાનું સોગંદનામું **આંક–૦૪** થી તેમનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓએ તેમની ફરીયાદ હકીકત મુજબ પુરાવો આપેલ છે. સદર સાહેદની આરોપીનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ જોઈએ તો તેમાં તેઓ એવી હકીકતો સ્વીકારેલ છે કે, '' હું ધો. ૦૮ સુધી ભણેલ છુ. હું પાન મસાલાનો વ્યવસાય કરુ છુ. એ વાત ખરી છે કે, મારો વ્યવસાયનો પ્ર કાર મે મારી નોટીસ, ફરીયાદ અને સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, હું વેપાર ધંધો કરું છુ. તે દર્શાવતો કોઈ પુરાવો આ

કામે રજુ કરેલ નથી. હું પાનકાર્ડ ધરાવુ છુ અને રીટર્ન ભરુ છુ. એ વાત ખરી છે કે, ઈન્કમટેક્ષ રીટર્ન ભરતી વખતે આવક–જાવકના હિસાબો બતાવે છે. રીટર્ન માપનું ભરુ છુ. **હરેશભાઈને આપેલ રકમ ઈન્કમટેક્ષ રીટર્નમાં બતાવેલ નથી.** ઈન્કમટેક્ષ રીટર્ન ભર્યા અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, કોઈપણ વ્યકિતને વીસ હજારથી વધુ રકમ આપવી હોય તો તે રકમ ચેકથી આપવી પડે. **એ વાત ખરી છે કે, આંક–૦૬ થી રજુ થયેલ ચેક આરોપીએ માત્ર સહી કરીને બાંહેધરી કરાર કર્યો તે દિવસે અમને આપેલો. એ વાત ખરી છે કે, ફરીયાદવાળા ચેક સિવાય આરોપીના બીજા ચાર ચેક છે. એ વાત ખરી છે કે, તે ચેકો માત્ર સહી કરેલા ચેકો આરોપીએ આપેલા છે. તા. ૦૧/૦૭/૨૦૨૧ ના રોજ રૂા. પાંચ લાખ આરોપીને આપેલા છે તેવી હકીકત આંક–૧૨ ના બાંહેધરી કરારમાં જણાવેલી નથી તો હુ જણાવુ છુ કે, આરોપીને પહેલા પાંચ લાખ આપેલા** પછી ના આપતો હોય તેના ઘરે ગયેલો અને બે વર્ષ સુધી ધકકા ખાધેલા અને **પછી એણે મને તા. ૨૧/૧૦/૨૦૨૩ નો મને ચેક આપેલો. એ વાત ખરી છે કે, આંક–૧૨ વાળો બાંહેધરી લેખ તા. ૭/૭/૨૧ ના રોજ નોટરી રૂબરૂ કરવામાં આવેલો. જો પુછવામાં આવે કે ફરીયાદમાં તા. ૧/૭/૨૧ ના રોજ નાણાં આપેલાનું જણાવેલ છે તે આંક–૧૨ ના બાંહેધરી લેખમાં જણાવેલ**

નથી તો હું કહુ છુ કે, તા. ૧/૭/૨૧ ના રોજ મારી પાસે નાણાં ની સગવડના હોય તા. ૭/૭/૨૧ ના રોજ નાણાં આપેલા. એ વાત ખરી છે કે, મે આરોપીને તા. ૭/૭/૨૧ ના રોજ હાથ ઉછીની રકમ આપેલ હોય તે મારી નોટીસ, ફરીયાદ અને સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તા. ૦૭/૦૭/૨૧ ના રોજ આરોપીને નાણા આપેલો તેનો ઉલ્લેખ બાંહેધરી કરારમાં કરેલો નથી. એ વાત ખરી છે કે, આંક–૧૨ ના બાંહેધરી લેખ મુજબ આરોપીને અમારે દર સોમવારે નાણાંની જરૂરીયાત ઉભી થાય તો પાંચ લાખ રૂપીયા આપવાના હતા અને દર શનિવારે તે નાણાં આરોપી અમને પરત આપવાના હતા. એ વાત ખરી છે કે, ચેક ભરતી વખતે સ્લીપ ભરવામાં આવે છે. એ વાત ખરી છે કે, તે સ્લીપની કાઉન્ટર સ્લીપ બેંકનો સહી સિકકો કરીને અમને પરત કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, આંક–૦૬ વાળા ચેકના બોડી રાઈટીંગ અને આંક–૦૭ ની કાઉન્ટર સ્લીપના બોડીરાઈટીંગ એકજ પેનથી લખવામા આવેલ છે. એ વાત ખરી છે કે, આંક–૬ અને આંક–૭ ના દસ્તાવેજોના બોડી–રાઈટીંગના અક્ષરો સરખા છે. એ વાત ખરી છે કે, નોટીસમાં જણાવ્યા મુજબ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ આજસુધી આરોપી સામે દાખલ કરેલ નથી. **એ વાત ખરી છે કે, સને ૨૦૨૧ ના જુલાઈ મહીનામાં મારા હાથ ઉપર રૂપીયા પાંચ લાખ રોકડા હોય**

તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સને–૨૦૨૧ના વર્ષમાં હું વેપાર ધંધો કરતો હોય તે દર્શાવતો પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીની નોટીસ બજી ગયેલ હોય તેની સહીવાળી એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી પાસે ચેક નંબર –૧૯૧૪૮૩ થી ૧૯૧૪૮૬ ના સીરીઝના યુનીયન બેંક હિંમતનગર શાખાના ચાર ચેકો કોરા પડેલા છે તે આ કામે રજુ કરેલ નથી.'' તેવી હકીકતો સ્વીકારેલ છે.

(૧૧.૧) વધુમાં આ કામે ફરીયાદપક્ષે યુનીયન બેંક ઓફ ઈન્ડીયાના બ્રાન્ચ મેનેજરનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સોગદ પરની જુબાનીમાં એ હકીકત જણાવે છે કે, '' હું હાલ યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા, હિંમતનગર મેઈન બ્રાન્ચમાં આસી.મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. હું હિંમતનગર બ્રાન્ચમાં છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવુ છું. હુ આજરોજ મારી સાથે હરેશભાઈ અમીચંદભાઈ પટેલનુ ખાતા નં.૩૧૦૨૦૧૦૧૦૦૭૦૫૪૯ ખાતાનો સ્પેશીમેન સીગ્નેચર કાર્ડની નકલ, ખાતુ ખોલવાનુ ફોર્મ, આઈ.ટી.એકટની કલમ–૨૮૫બીએ મુજબનુ ફોર્મ, સોગંદનામુ, એકાઉન્ટ હોલ્ડરના ડીટેઈલનુ ફોર્મ, એકાઉન્ટ હોલ્ડરનુ આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ તથા એકાઉન્ટ હોલ્ડરના એકાઉન્ટનુ કેવાયસી ડીટેઈલ, તકરારી ચેક રીટર્ન થયા અંગેનુ કારણનુ ઓનલાઈન ફોર્મ

તથા કલમ–૬૫(બી) અન્વયેનુ પ્રમાણપત્ર મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે તેમજ અમારી બેન્કનો સિકકો છે જેને અનુક્રમે આંક–૩૪ થી આંક–૪૨ આપવામાં આવે છે. ''

વધુમાં આ સાહેદની ઉલટતપાસ માટે આરોપી તરફે વિ.વ.શ્રી હાજર ન હોય આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૨) હાથપરનાં કેસની હકીકતો જોતાં–તા. ૦૧/૦૭/૨૦૨૧ ના રોજ આ કામના આરોપી ફરીયાદી પાસે આવેલા અને જણાવેલ કે, મારે યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, હિંમતનગર શાખામાં કે. સી. સી. (પાક ધિરાણ) લોન રીન્યુઅલ કરાવવાની હોય રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂા. પાંચ લાખ પુરાની જરૂરીયાત હોઈ એક અઠવાડીયા માટે હાથઉછીના માંગણી કરેલી જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે સારા સંબંધોના હિસાબે ફરીયાદીએ એસ.કે.મકવાણાની ઓફીસે તેઓની હાજરીમાં આરોપીને હાથઉછીના રોકડા આપેલા જે આરોપીએ ગણી સંભાળી લીધેલ અને જે અંગેનો બાંહેધરી કરાર (આંક–૧૨) તા. ૦૭/૦૭/૨૦૨૧ ના રોજ એસ.કે. મકવાણા નોટરીના ત્યાં રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી સીરીયલ નં.–૧૫૨૫/૨૦૨૧ થી આરોપીએ કરી આપેલ અને સાક્ષી તરીકે કે.કે.સીંગ અને ફરીયાદીએ સહી કરેલ. ત્યારબાદ સમય પૂર્ણ થતા

ફરીયાદીએ આરોપીને આપેલ હાથઉછીના રકમની ઉઘરાણી કરતા પોતાનું ખાતુ ચાલતી યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, હિંમતનગર શાખાનો તેમના ખાતા નં. ૩૧૦૨૦૧૦૧૦૦૭૦૫૪૯, તા. ૨૧/૧૦/૨૩ ના રોજનો એકા. પેઈ ચેક નં. ૧૯૧૪૮૨ (આંક–૦૬) નો રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂા. પાંચ લાખ પુરાનો ફરીયાદી રૂબરૂ વિગતો ભરી સહી કરી આપેલ અને સદરહું ચેક બેંકમાં ભર્યેથી ચોકકસ સ્વીકારાઈ જશે તેવો પાકો ભરોસો આપેલ. ત્યારબાદ આરોપીના જણાવ્યા મુજબ ફરીયાદીએ સદરહું ચેક તા. ૨૧/૧૦/૨૦૨૩ ના રોજ પોતાનું ખાતુ ચાલતી બેંક તે હિંમતનગર નાગરીક સહકારી બેંક લી. માર્કેટયાર્ડ શાખામાં ભરતા સદરહું ચેક રીટર્ન મેમા (આંક–૦૮) ના કારણ નં. ૧ ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે તા. ૨૩/૧૦/૨૦૨૩ ના રોજ રીટર્ન થયેલ જેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા આરોપીએ કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી ફરીયાદીએ તેમના એડવોકેટશ્રી મારફત તા. ૦૧/૧૧/૨૦૨૩ ના રોજ રજી.પો.એડી.થી આરોપીને નોટીસ (આંક–૦૯) મોકલાવેલ જે નોટીસ તા. ૦૨/૧૧/૨૦૨૩ ના રોજ આરોપીને બજી ગયેલ છતાં તેમ છતા આ કામનાં આરોપીએ ફરીયાદીને ચેકનાં નાણાં ચુકવી આપેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૨૦ થી આંક–૨૫ સુધીના દસ્તાવેજ પુરાવામાં રજુ કરેલ છે.

(૧૩) ત્યારબાદ આરોપી તર્ફે વિ.વ.શ્રી ની એવી દલીલ છે કે આ કામે ફરીયાદીએ આરોપીને કઈ તારીખે અને કયા સમયે ચોકકસ કયારે હાથઉછીની રકમ આપેલ તે ફરીયાદ હકીકત તેમજ ઉલટતપાસમાં અલગ અલગ સમય જણાવે છે. જેથી ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાસ જણાઈ આવે છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં ફરીયાદીએ એવી હકીકત સ્વીકારેલ છે કે, '' **એ વાત ખરી છે કે, હરેશભાઈને આપેલ રકમ ઈન્કમટેક્ષ રીટર્નમાં બતાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૦૬ થી રજુ થયેલ ચેક આરોપીએ માત્ર સહી કરીને બાંહેધરી કરાર કર્યો તે દિવસે અમને આપેલો. એ વાત ખરી છે કે, ફરીયાદવાળા ચેક સિવાય આરોપીના બીજા ચાર ચેકો છે. એ વાત ખરી છે કે, તે ચેકો માત્ર સહી કરેલા ચેકો આરોપીએ આપેલા છે. તા. ૦૧/૦૭/૨૦૨૧ ના રોજ રૂા. પાંચ લાખ આરોપીને આપેલા છે તેવી હકીકત આંક–૧૨ ના બાંહેધરી કરારમાં જણાવેલી નથી.** પરંતુ ફરીયાદી પોતાની ઉલટતપાસમાં તેઓને આરોપીએ બાહેંધરી કરાર કર્યો ત્યારે તે દિવસે આંક–૦૬ વાળો ચેક આપેલ હોવાનુ કબુલ રાખેલ છે જયારે ફરીયાદ હકીકત જોતાં ફરીયાદી પોતાની ફરીયાદમાં એવી હકીકત જણાવે છે કે, તેઓને આરોપીએ તા.૨૧/૧૦/૨૩ ના રોજ આંક–૬ વાળો ચેક આપેલો. એટલે કે, બાહેધરી કરારની તા. ૭/૭/૨૧ ના રોજ

આરોપીએ ફરીયાદીને આંક–૬ વાળો ચેક આપેલ હોવાની હકીકત ફરીયાદી પોતાની ઉલટતપાસમાં સ્વીકારતા હોય તો આંક–૬ વાળો ચેક જયારે ફરીયાદીએ તા. ૨૧/૧૦/૨૩ ના રોજ બેંકમા વટાવવા માટે જમા કરાવ્યો તો તે આંક–૬ વાળો ચેક છ માસની સમયમર્યાદા બહારનો ગણી શકાય. જેથી આંક–૬ વાળો ચેક સમય મર્યાદા બહારનો હોવાનુ માનવામાં આવે છે કારણ કે, ફરીયાદી પોતે પોતાની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે, તેઓને આરોપીએ આંક–૦૬ વાળો ચેક બાહેધરી કરાર કર્યો તે દિવસે આપેલો. **એ વાત ખરી છે કે, આંક–૧૨ વાળો બાંહેધરી લેખ તા. ૭/૭/૨૧ ના રોજ નોટરી રૂબરૂ કરવામાં આવેલો. જો પુછવામાં આવે કે ફરીયાદમાં તા. ૧/૭/૨૧ ના રોજ નાણાં આપેલાનું જણાવેલ છે તે આંક–૧૨ ના બાં હેધરી લેખમાં જણાવેલ નથી તો હું કહુ છુ કે, તા. ૧/૭/૨૧ ના રોજ મારી પાસે નાણાં ની સગવડના હોય તા. ૭/૭/૨૧ ના રોજ નાણાં આપેલા. <u>એ વાત ખરી છે કે, મે આરોપીને તા. ૭/૭/૨૧ ના રોજ હાથ ઉછીની રકમ આપેલ હોય તે મારી નોટીસ, ફરીયાદ અને સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તા. ૦૭/૦૭/૨૧ ના રોજ આરોપીને નાણા આપેલો તેનો ઉલ્લેખ બાંહેધરી કરારમાં કરેલો નથી.</u> એ વાત ખરી છે કે, આંક–૧૨ ના બાંહેધરી લેખ મુજબ આરોપીને અમારે દર સોમવારે નાણાંની જરૂરીયાત ઉભી થાય તો પાંચ લાખ રૂપીયા**

આપવાના હતા અને દર શનિવારે તે નાણાં આરોપી અમને પરત આપવાના હતા. આમ, જયારે ફરીયાદી પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારતા હોય કે, ફરીયાદ, નોટીસ, અને સરતપાસમાં આરોપીને હાથઉછીના રકમ તા. ૭/૭/૨૧ ના રોજ આપેલ તે હકીકત જણાવેલ નથી. તેમજ તા. ૭/૭/૨૧ ના રોજ આરોપીને નાણાં આપેલ તેનો બાહેધરી કરારમાં ઉલ્લેખ કરેલ નથી. તેમજ ફરીયાદીની સમગ્ર ફરીયાદ જોતાં ફરીયાદી આરોપીને ચોકકસ કયા સમયગાળામાં હાથઉછીના રકમ આપેલ તે હકીકત ફરીયાદમાં જણાવેલ ન હોય ફરીયાદપક્ષ આ કામના આરોપીને ફરીયાદી દવારા રૂા. પાંચ લાખ કયારે કયા સમયે હાથઉછીના આપેલ તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી આ કામના ફરીયાદી આરોપી પાસે તેઓને કાયદેસરનું લેણુ હોવાની હકીકત પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે. વધુમાં ફરીયાદી એવી હકીકત પણ સ્વીકારે છે કે, **એ વાત ખરી છે કે, સને ૨૦૨૧ ના જુલાઈ મહીનામાં મારા હાથ ઉપર રૂપીયા પાંચ લાખ રોકડા હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સને–૨૦૨૧ના વર્ષમાં હું વેપાર ધંધો કરતો હોય તે દર્શાવતો પુરાવો આ કામે રજુ કરેલ નથી.** તેવી હકીકતો સ્વીકારેલ છે. આમ, ફરીયાદી દવારા પોતાની ઉલટતપાસમાં આ પ્રકારની હકીકત સ્વીકારતા હોય તે સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

જહોન કે અબ્રાહમ વિ.સાયમન સી.અબ્રાહમ કે જે ૨૦૧૪ ક્રિમીનલ લો જર્નલ પાના નં.૨૩૦૪ માં પ્રસિધ્ધ થયેલ છે તેનાં પેરા નં.૧૦ નીચે મુજબ છે.

> 10. Keeping the said statutory requirements in mind, when we examine the facts as admitted by the respondent-complainant, as rightly concluded by the learned trial Judge, **the respondent was not even aware of the date when substantial amount of Rs.1,50,000/- was advanced by him to the appellant,** that **he was not sure as to who wrote the cheque, that he was not even aware when exactly and where exactly the transaction took place for which the cheque came to be issued by the appellant.** Apart from the said serious lacuna in the evidence of the complainant, he further admitted as PW.1 by stating once in the course of the cross-examination that the cheque was in the handwriting of the accused and the very next moment taking a diametrically opposite stand that it is not in the handwriting of the accused and that it was written by the complainant himself, by further reiterating that the amount in words was written by him. We find that the various defects in the evidence of respondent, as noted by the trial Court, which we have set out in paragraph 7 of the judgment, were simply brushed aside by the High Court without assigning any valid reason. Such a serious lacuna in the evidence of the complainant, which strikes at the root of a complaint under Section 138, having been noted by the learned trial Judge, which factor was failed to be examined by the High Court while reversing the judgment of the trial Court, in our considered opinion would vitiate the ultimate

> conclusion reached by it. In effect, the conclusion of the learned Judge of the High Court would amount to a perverse one and, therefore, the said judgment of the High Court cannot be sustained.

ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા હાલનાં કેસની હકીકતો ધ્યાને લેતાં હાલનાં કેસમાં ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં, એવી હકીકતો સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીએ આરોપીને હાથઉછીની રકમ રૂા. પાંચ લાખ કયારે આપેલ તે સાબિત થતુ નથી. તેમજ ફરીયાદી પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, તેઓને આરોપીએ આંક–૬ વાળો ચેક બાહેંધરી કરારના દિવસે એટલે કે, તા. ૭/૭/૨૧ ના રોજ આપેલો અને એ ચેક તેઓએ તા. ૨૧/૧૦/૨૩ ના રોજ બેંકમાં જમા કરાવેલો જે સમય મર્યાદા બહારનો છે તેમ સ્પષ્ટ જણાય છે. વધુમાં, આ કામે આંક–૧૨ વાળા બાહેધરી કરારમાં પણ જયારે કોઈ રકમ આરોપીને ચુકવેલ હોવાની હકીકત જણાવેલ ન હોય અને આ હકીકત ફરીયાદી પોતાની ઉલટમાં સ્વીકારતા હોય અને આ કામના ફરીયાદી દવારા આરોપીને રૂા. પાંચ લાખ જેવી મોટી રકમ આપેલ હોવાનો અન્ય કોઈ પુરાવો પણ રેકર્ડ પર ન હોય તેમજ ફરીયાદમાં જ ફરીયાદી દવારા ઉછીના રૂા. પાંચ લાખ આરોપીને કયારે આપ્યા તે હકીકત પણ ફરીયાદી પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમાં આ કામના ફરીયાદી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા

૧૧૮ મુજબના કરવામાં આવતા અનુમાનો પુરતો ફાઉન્ડેશનલ પુરાવો રજુ કરવામાં પણ નિષ્ફળ નીવડેલ હોય આ કામે ફરીયાદીની તરફેણમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯તથા૧૧૮ મુજબના અનુમાનોનું આરોપી દવારા ખંડન કરવામાં માનવામાં આવે છે.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો રંગપ્પા વિ.મોહન કે જે એ.આઈ.આર.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૮૯૮ પર પ્રસિધ્ધ થયેલ છે તેનાં પર આધાર રાખેલ છે જેનો મહત્વનો પેરા નીચે મુજબ છે.

> 7. However, on appeal against acquittal, the High Court reversed the findings and convicted the appellant-accused. The High Court in its order noted that in the course of the trial proceedings, the accused had admitted that the signature on the impugned cheque (No. 886322, dated 8-2-2001) was indeed his own. Once this fact has been acknowledged, Section 139 of the Act mandates a presumption that the cheque pertained to a legally enforceable debt or liability. This presumption is of a rebuttal nature and the onus is then on the accused to raise a probable defence. With regard to the present facts, the High Court found that the defence raised by the accused was not probable. In respect of the accused's stand that he had lost a blank cheque bearing his signature, the High Court noted that in the instructions sent by the accused to his Bank for stopping payment, there is a reference to cheque No. 0886322, dated 20-7-1999. This is in conflict with the complainant's version wherein the

accused had given instructions for stopping payment in respect of the same cheque, albeit one which was dated 8-2-2001. The High Court also noted that if the accused had indeed lost a blank cheque bearing his signature, the question of his mentioning the date of the cheque as 20-7-1999 could not arise. At a later point in the order, it has been noted that the instructions sent by the accused to his bank for stopping payment on the cheque do not mention that the same had been lost. However, the correspondence does refer to the cheque being dated 20-7-1999. Furthermore, during the cross-examination of the complainant, it was suggested on behalf of the accused that the complainant had the custody of the cheque since 1998.(emphasis supplied)

વધુમાં આ જ ચુકાદામાં પેરા–૧૪ માં ઠરાવવામાં આવ્યુ છે કે,

“ However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and

> interpretation of reverse onus clauses and the accused/ defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

ઉપરોકત ચુકાદો રજુ કરી ફરીયાદપક્ષ તર્ફે એવી રજુઆત છે કે એક વખત ચેક ઉપર સહી એડમીટ થાય ત્યારે કલમ−૧૧૮ મુજબનું અનુમાન લાગુ પડે અને કલમ−૧૩૯ નાં અનુમાનનું ખંડન કરવા માટેનો બોજો આરોપી ઉપર છે. હાલનાં કેસમાં ઉપરોકત ચર્ચા કરી તેમ ફરીયાદી પોતાની સરતપાસ અને ઉલટતપાસમાં એવી વિરોધાભાસી હકીકત જણાવે છે કે આ કામે આરોપી અને ફરીયાદી વચ્ચે જે તમાકુ વેચાણનો વ્યવહાર છે તે ફરીયાદી વ્યાજબી તેમજ માનવાલાયક પુરાવો રજુ કરી પુરવાર કરી શકેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તેમની તરફેણમાં કલમ−૧૧૮ તથા કલમ−૧૩૯ નું

અનુમાન કરવામાં આવે તેટલો પુરાવો રેકર્ડપર લાવી શકેલ નથી. અલબત આરોપી પક્ષે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં અનુમાનોનું ખંડન કરવામાં આવેલ હોય તેમ માનવામાં આવે છે. જેથી ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ હાલનો ચુકાદો જેમાં ''Until the contrary is proved'' નાં શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે તે વિરોધાભાસી હકીકત રેકર્ડપર આવવા પામેલ છે. તે સંજોગોમાં હાલના કેસના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી આ કામે ફરીયાદીએ આરોપી પાસેથી તેના કાયદેસરના લેણા પેટે ચેક લીધેલ હોય તે હકીકત સાબીત કરવામાં નિષ્ફળ નીવળેલ છે તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ કલમ–૧૩૯ ના અનુમાનને આરોપી તર્ફે ખંડન કરેલ છે. જેથી આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહીં. કારણ કે તેવો ચેક એ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ **"Legally recoverable debt"** માટે આપવામાં આવેલ તેમ ગણી શકાય નહીં અને આરોપીને કલમ–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૫) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળ કરવામા

આવતા અનુમાનોનું સચોટ અને ઠોસ પુરાવા ઓથી ખંડન કરેલ છે. અલબત, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનાં આધારે બચાવપક્ષે સદરહું અનુમાનોનું ખંડન કરેલ છે તથા આરોપી, ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો તથા ફરીયાદીની ઉલટતપાસ ધ્વારા પોતાનો બચાવ **પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી** ના પુરાવાના સિધ્ધાંત મુજબ સાબિત કરેલ છે. આમ, હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, બચાવ પક્ષની દલીલો તેમજ ફરીયાદીની ઉલટતપાસ તથા ઉપરોકત ચર્ચા કરેલ ચૂકાદાઓના આધારે એમ સાબીત થાય છે કે ફરીયાદી તેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામા નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.–૧ નો નિર્ણય ''**નકારાત્મક**'' ઠરાવવામાં આવે છે અને મુદા નં.ર માટેનો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

➔ આ કામનાં આરોપી **પટેલ હરેશભાઈ અમીચંદભાઈ (સરપંચ),** રહે. વામોજ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠાવાળા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૫૫(૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનાં ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આરોપીએ ક્રી.પ્રો.કોડની કલમ–૪૩૭એ મુજબનાં જામીન આપવા.

ચુકાદો આજરોજ તારીખ ૧૬ મી માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૬–૦૭–૨૦૨૬ **(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
હિંમતનગર. બીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
હિંમતનગર. Code : GJ-01116

::ARS::